આણંદ જિલ્લાના ૧૬૦થી વધુ તળાવો જળકુંભી - ગંદકીથી ખદબદી રહ્યાં છે

ગંદા પાણીના નિકાલથી દુર્ગંધ, મચ્છરોના ઉપદ્રવથી રોગચાળાની ભીતિ

(પ્રતિનિધિ) આણંદ તા.૧

આણંદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ગામની શાન સમાન ગણાતા તળાવો તંત્રની ઉપેક્ષા અને યોગ્ય જાળવણીના અભાવે હાલ અત્યંત દયનીય સ્થિતિમાં જોવા મળી રહ્યા છે. જિલ્લાના ૧૬૦થી વધુ તળાવોમાં જળકુંભી વનસ્પતિનું પ્રમાણ એટલી હદે વધી ગયું છે કે અનેક સ્થળોએ તળાવનું પાણી પણ નજરે પડતું નથી. પરિણામે જળસ્રોતોનું અસ્તિત્વ અને પર્યાવરણ બંને સામે પ્રશ્નો ઊભા થયા છે.

સ્થાનિક વસવાટ કરતા ગ્રામજનોના જણાવ્યા મુજબ અનેક ગામોમાં ઘરવપરાશ તેમજ અન્ય ગંદા પાણીના નિકાલ માટે તળાવોને જ જાણે કે ખુલ્લી ગટર બનાવી દેવામાં આવ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. તળાવમાં સતત ગંદુ પાણી પહોંચતા પાણી દુર્ગંધયુક્ત બની રહ્યું છે. બીજી તરફ કિનારાઓ પર ઉગી નીકળેલી ઝાડી-ઝાંખરા અને જળકુંભીના ગાઢ સ્તરને કારણે તળાવની સ્વચ્છતા અને જળસંગ્રહ ક્ષમતા પર પણ વિપરીત અસર થવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે.

તળાવોમાં ગંદકી, કચરો અને જળકુંભીનું પ્રમાણ વધતા મચ્છરો તેમજ અન્ય જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધ્યો છે. ખાસ કરીને ચોમાસાની ઋતુમાં પાણી ભરાયેલા વિસ્તારો મચ્છરોના પ્રજનન માટે અનુકૂળ બનતા હોવાથી ગ્રામજનોમાં મેલેરિયા, ડેન્ગ્યુ સહિતના મચ્છરજન્ય રોગચાળાની ભીતિ જોવા મળી રહી છે. તાજેતરમાં ભારે વરસાદ બાદ આણંદ જિલ્લામાં આરોગ્ય વિભાગે પણ મચ્છરજન્ય અને પાણીજન્ય રોગો સામે સઘન કામગીરી હાથ ધરી હોવાનું સત્તાવાર રીતે જાહેર કરાયું છે.

નોંધનીય છે કે જિલ્લા પંચાયતની સિંચાઈ વિભાગની માહિતી મુજબ આણંદ જિલ્લામાં ગામ તળાવો મોટા ભાગે ગ્રામ પંચાયતો હસ્તક છે અને જરૂરિયાત મુજબ તળાવ ઊંડા કરવા તથા પાળા સમારકામની કામગીરી હાથ ધરવામાં આવે છે. તાજેતરમાં ગ્રામ પંચાયત અને નગરપાલિકા હસ્તકના કુલ 66 તળાવોની ઈજારા માટે ટેન્ડર પ્રક્રિયા પણ પૂર્ણ કરવામાં આવી છે.

આ સ્થિતિ વચ્ચે ગ્રામજનોની ઉગ્ર માંગ છે કે માત્ર તળાવના ઈજારા કે આવક પૂરતી કાર્યવાહી ન રાખી તળાવોની વાસ્તવિક જાળવણી અને સફાઈને પ્રાથમિકતા આપવામાં આવે. સ્થાનિક ગ્રામ પંચાયતથી લઈને તાલુકા અને જિલ્લા કક્ષાના જવાબદાર તંત્ર દ્વારા તાત્કાલિક સર્વે હાથ ધરી તળાવોમાંથી જળકુંભી, ઝાડી-ઝાંખરા અને કચરો દૂર કરવામાં આવે તેમજ ગંદા પાણીનો સીધો નિકાલ તળાવોમાં થતો અટકાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

આણંદ જિલ્લામાં વોટર બોડી પ્રત્યે સ્થાનિક સ્વરાજ્યની ઘોર ઉપેક્ષાના કારણે તળાવનો દુર્દશા થઈ છે. આ બાબતે જવાબદારો સામે પણ પગલાં ભરવા માગ ઉઠી છે.

વન વિભાગ - પોલીસની મીલીભગતથી 'એક પેડ મા કે નામ' અભિયાનના ધજાગરા

ખેડામાં ગ્રીનબેલ્ટ પર માફિયા દ્વારા લીલાછમ વૃક્ષોનું ખુલ્લેઆમ છેદન

પાસ-પરમિટ વગર ધમધમતી સો મિલોમાં સરકારની તિજોરીને કરોડોનો ચૂનો


(પ્રતિનિધિ) નડિયાદ તા.૧

ખેડા જિલ્લામાં પર્યાવરણ બચાવવાના સરકારી અભિયાનો માત્ર કાગળ પર સીમિત રહી ગયા હોય તેમ લાકડા માફિયાઓ દ્વારા ખુલ્લેઆમ હરિયાળીનું નિકંદન કાઢવામાં આવી રહ્યું છે. વન વિભાગ અને પોલીસ તંત્રની કથિત રહેમનજર હેઠળ રાત્રિના અંધારામાં પાસ કે પરમિટ વગર લાકડા કાપીને સોમિલોમાં સગેવગે કરવાનું મસમોટું કૌભાંડ ચાલી રહ્યું છે. સરકારી બાબુઓની નિષ્ક્રિયતાના કારણે લાકડા માફિયાઓને મોકળું મેદાન મળ્યું છે અને સરકારી તિજોરીને કરોડો રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે.

ઠાસરા પંથકમાં છેલ્લા ઘણા સમયથી ગ્રીન બેલ્ટ વિસ્તારમાં લીલાછમ વૃક્ષોનું નિર્દયતાથી કટીંગ કરવામાં આવી રહ્યું છે. સરકાર દ્વારા 'એક પેડ મા કે નામ' જેવા અભિયાનો ચલાવીને પર્યાવરણ જાગૃતિના પ્રયાસો થાય છે, પરંતુ અહીં વન વિભાગના સ્થાનિક અધિકારીઓ અને પોલીસની મીલીભગતથી આ તમામ પ્રયાસોની ખુલ્લેઆમ ધજ્જિયા ઉડાડવામાં આવી રહી છે. નંબર પ્લેટ વગરના ટ્રેક્ટરોમાં ગેરકાયદેસર રીતે કપાયેલા લાકડાઓ ભરીને બેરોકટોક માર્ગો પરથી પસાર કરવામાં આવે છે, છતાં કોઈ પણ જવાબદાર અધિકારી આ વાહનોને રોકીને તપાસ કરવાની તસ્દી લેતા નથી.

સમગ્ર જિલ્લામાં પર્યાવરણને નષ્ટ કરતું આ મોટું કૌભાંડ ચાલી રહ્યું હોવા છતાં જિલ્લા વહીવટી તંત્ર ઘોર નિદ્રામાં છે અને કોઈ મોટી દુર્ઘટના સર્જાય તેની રાહ જોઈને બેઠું હોય તેવો ઘાટ સર્જાયો છે. લાકડા ચોરો એટલા બેફામ બન્યા છે કે તેઓને કાયદાનો કે ખાખી વર્દીનો કોઈ જ ખોફ રહ્યો નથી.

આણંદ - ખેડા જિલ્લો એક સમયે તેની હરિયાળીને લઈ વિખ્યાત હતો. પરંતુ દિવસે દિવસે વિકાસ અને અધિકારીઓની અણઆવડતના કારણે અનેક મહામુલા વૃક્ષોનો ખો નિકળી ગયો છે.




અમદાવાદ-ઇન્દૌર હાઇવેની આડમાં રાતના અંધારામાં વન સંપદાનું કતલેઆમ

ચરોતરમાં લાકડા માફિયાં માટે કઠલાલ 'એપી સેન્ટર' બન્યું

ભ્રષ્ટ અધિકારીઓના માસિક હપ્તાના કારણે વન વિભાગ અને આરટીઓ તંત્રનું મૌન

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૩૦

ખેડા જિલ્લાના કઠલાલ પંથકમાં લાકડા માફિયાઓએ બેફામ બનીને પર્યાવરણના વિનાશનો ખુલ્લેઆમ ખેલ શરૂ કર્યો છે, જેમાં કઠલાલ હવે આ ગેરકાયદે પ્રવૃત્તિઓનું મસમોટું 'એપી સેન્ટર' બની ચૂક્યું છે.



વેપારના મુખ્ય અડ્ડા અને સો મિલ કૌભાંડ

આ ગેરકાયદેસર લાકડાના વેપારનું નેટવર્ક માત્ર ઠાસરા પૂરતું સીમિત નથી, પરંતુ મહુધા, કઠલાલ, કપડવંજ અને નડિયાદ સુધી ફેલાયેલું છે, જે ગેરકાયદે વેપારના મુખ્ય અડ્ડા બની ગયા છે. આ વિસ્તારોમાં આવેલી સેંકડો સો મિલોમાં કોઈપણ પ્રકારની પાસ કે પરમિટ વગર રાત્રિના સમયે લાકડાઓ પહોંચાડવામાં આવે છે અને ત્યાં તેનું કટીંગ કરી બારોબાર સગેવગે કરી દેવાય છે. હજારો સોમિલ સંચાલકો અને લાકડા માફિયાઓનું આ સંગઠિત કૌભાંડ સરકારી તિજોરીને રોજેરોજ કરોડો અને અબજો રૂપિયાનો ચૂનો લગાવી રહ્યું છે.

તંત્ર સામે નાગરિકોનો આક્રોશ

હવે ખેડા જિલ્લાના નાગરિકોની નજર ઉચ્ચ અધિકારીઓ પર મંડાયેલી છે કે શું તેઓ એસી ચેમ્બરમાંથી બહાર આવીને આ લાકડા માફિયાઓ સામે લાલ આંખ કરશે કે પછી ભ્રષ્ટાચારના આ ખેલમાં મૂકપ્રેક્ષક બનીને પર્યાવરણનો વિનાશ જોતા રહેશે ?

કપડવંજ પોલીસે જ્વેલર્સ, બેંક અને આંગડિયા પેઢી સાથે બેઠક યોજાઈ

બેંકો અને જ્વેલર્સની બહાર રોડ સ્પષ્ટ કવર થાય તેવા સીસીટીવી લગાવવા આદેશ

(પ્રતિનિધિ) કપડવંજ તા.૧

ખેડા જિલ્લાના કપડવંજમાં આગામી દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને કપડવંજ ટાઉન પોલીસ દ્વારા સુરક્ષાને લઈને એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ટાઉન પોલીસ સ્ટેશન ખાતે યોજાયેલી આ બેઠકનો મુખ્ય હેતુ દિવાળીના તહેવારો દરમિયાન નાગરિકો અને વેપારીઓની સુરક્ષા જાળવવાનો છે.

કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે યોજાયેલી આ સુરક્ષા બેઠકમાં



વિસ્તારના જ્વેલર્સના વેપારીઓ, આંગડિયા પેઢીના સંચાલકો તેમજ વિવિધ બેંકોના મેનેજરો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તકેદારી અંગે સૂચનાઓઃ બેઠક દરમિયાન દિવાળીના ઉત્સવ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તમામ વેપારીઓ અને સંચાલકોને જરૂરી તકેદારી રાખવા પોલીસ દ્વારા આદેશ આપવામાં આવ્યા હતા.

કપડવંજમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવાના ભાગરૂપે ખાસ કરીને બેંકો અને જ્વેલર્સની દુકાનોની આસપાસનો રોડ સ્પષ્ટ રીતે કવર થાય તે રીતે સીસીટીવી કેમેરા લગાવવા માટે ખાસ સૂચના આપવામાં આવી હતી. તહેવારોના દિવસોમાં નાગરિકો અને વેપારીઓ સુરક્ષિત વાતાવરણમાં વેપાર-રોજગાર કરી શકે તે હેતુથી કપડવંજ ટાઉન પોલીસ દ્વારા આ વિશેષ પહેલ કરવામાં આવી છે.

ઉત્તરસંડામાં જાહેરમાં જુગાર રમતા ૬ શખસો પકડાયાં

વડતાલ પોલીસે રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન આંગણવાડી પાછળ દરોડો પાડ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧

ઉત્તરસંડા ગામે આંગણવાડી પાછળ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીના આધારે વડતાલ પોલીસે દરોડો પાડીને છ શખસોને જુગારના સાધનો સાથે ઝડપી પાડ્યા છે. આ દરોડામાં પોલીસે કુલ રૂ. ૬,૧૧૦ ની રોકડ અને સાધનો જપ્ત કરી તમામ સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વડતાલ પોલીસની ટીમ રાત્રિ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ઉત્તરસંડા ગામે આંગણવાડી પાછળ કેટલાક લોકો જુગાર રમી રહ્યા હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડતાં પત્તા-પાનાનો જુગાર રમતા વિનુભાઈ ડાહયાભાઈ ચુનારા, વિજયકુમાર રાજનભાઈ ચૌહાણ, રમેશભાઈ મંગળભાઈ પરમાર, અરવિંદભાઈ છોટાભાઈ તળપદા, અમરસીંગ ભગુંભાઈ ચુનારા અને ધર્મેશભાઈ ઉર્ફે વાંકો રમણભાઈ પરમાર ઝડપાઈ ગયા હતા. આ અંગે પોલીસે સ્થળ પરથી રૂ. ૬,૧૧૦ ની રોકડ રકમ તેમજ જુગાર રમવાના સાધનો કબ્જે કર્યા છે. આ બનાવ અંગે વડતાલ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, ખેડા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી દારૂ - જુગારની બદી વધી રહી છે. સ્થાનિક પોલીસ તથા જિલ્લા પોલીસ દ્વારા વારંવાર દરોડા પાડી કાર્યવાહી કરવામાં આવે છે. આમ છતાં આ બદી વધુ ફુલી ફાલી રહી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

ધુવારણ ખાતે ગેઇલ ઇન્ડિયા અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન દ્વારા ગેસ લિકેજ અંગે મેગા મોકડ્રિલ



આણંદ | ખંભાતના ધુવારણ ખાતે ગેઇલ (ઇન્ડિયા) લિમિટેડ અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે કટોકટીની સ્થિતિમાં વહીવટી તંત્રની સજ્જતા ચકાસવા મોકડ્રિલ યોજાઈ હતી. આ કવાયતમાં મુખ્ય ગેસ પાઇપલાઇનમાં કાલ્પનિક ગેસ ગળતર અને આગ લાગવાનું દ્રશ્ય ઊભું કરવામાં આવ્યું હતું. આ ઘટનાની ગંભીરતા જોતાં ગેઇલની ટેકનિકલ ટીમે મુખ્ય લાઇનનો ગેસ સપ્લાય વાલ્વ ત્વરિત બંધ કરી વોટર કર્ટન પદ્ધતિથી ગેસના ફેલાવા પર કાબૂ મેળવ્યો હતો. આ આપત્તિ વ્યવસ્થાપન કવાયતમાં પોલીસ, અગ્નિશામક દળ, આરોગ્ય વિભાગ સહિતના વિભાગો જોડાયાં હતાં.

નડિયાદ શહેરની શારદા મંદિર સ્કૂલમાં અધ્યતન એઆઈ લેબનો પ્રારંભ કરાયો



નડિયાદ | સંતરામ મંદિરના નારાયણદાસજી મહારાજની સમાધિ તિથિ અને ઈન્દુકાકા ઈક્કોવાળાના જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે શારદા મંદિર અનિતાબેન દેવાંગભાઈ પટેલ ઈક્કોવાળા ડે સ્કૂલ ખાતે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ લેબનો શુભારંભ કરાયો હતો. ઈક્કોવાળા ચેરિટેબલ ટ્રસ્ટના 30 લાખના માતબર દાનથી તૈયાર થયેલી આ લેબનું ઉદ્ઘાટન મેનેજિંગ ટ્રસ્ટી દેવાંગભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ લેબનો મુખ્ય હેતુ શારદા મંદિર ડે સ્કૂલ તથા સંતરામ વિદ્યાલયના ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને બદલાતા યુગ સાથે ભવિષ્યલક્ષી શિક્ષણ અને AIનું પ્રાયોગિક જ્ઞાન પૂરું પાડવાનો છે.

સરદાર પટેલ યુનિવર્સિટીના 'રંગ ચરોતર' મહોત્સવમાં વિદ્યાર્થીઓને અભિનયની તાલીમ આપી



આણંદ | સરદાર પટેલ યુનિવર્સિટીના ઇપકોવાલા ઓડિટોરિયમ ખાતે રાષ્ટ્રીય નાટ્ય મહોત્સવ 'રંગ ચરોતર' અંતર્ગત 'અભિનય - પાત્રોને જીવંત કરવાની કળા' વિષય પર વિશેષ માસ્ટરક્લાસ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે જાણીતા અભિનેતા અને AIAA શિમલાના પ્રમુખ રોહિતાશ્વ ગૌર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. માસ્ટરક્લાસ દરમિયાન તેમણે વિદ્યાર્થીઓને 'મેથડ એક્ટિંગ', અવલોકન અને એકાગ્રતા જેવા અભિનયના પાયાના સિદ્ધાંતો સમજાવ્યા હતા. તેમણે વિવિધ પ્રાયોગિક પ્રવૃત્તિઓ, હાવભાવ, શારીરિક ભાષા અને વાણીના યોગ્ય ઉપયોગ દ્વારા મંચ પર પાત્રને જીવંત કરવાની બારીકીઓ શીખવી હતી.

કપડવંજમાં મહાલક્ષ્મી સહકારી ભંડારના સભાસદોને દિવાળી ગીફ્ટ મળી



કપડવંજ | કપડવંજમાં મહાલક્ષ્મી સહકારી ગ્રાહક ભંડાર લી. દ્વારા દિવાળી નિમિત્તે સભાસદોને માત્ર 150માં 1 કિલો સિંગતેલ અને 3 કિલો મોરસ આપવામાં આવી રહ્યું છે. સહકારી ક્ષેત્રે આ એકમાત્ર એવી સંસ્થા છે જે સભાસદોને 10ના મૂલ્યના શેર ઉપર દર વર્ષે 200નો ફાયદો કરાવી રહી છે. આ સહકારી ભંડાર સમગ્ર શહેરમાં અમૂલ દૂધ અને દૂધની અન્ય બનાવટો પૂરું પાડવાનું કાર્ય કરી રહ્યું છે. પોતાના સ્વતંત્ર મકાનો ધરાવતી આ સંસ્થા છેલ્લા 62 વર્ષથી ગ્રાહકોની સેવા કરી રહી છે અને ઓડિટનો 'અ' વર્ગ ધરાવે છે.

કપડવંજ તાલુકાના સોરણા-સાલોડ માર્ગનું ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત કરાયું



કપડવંજ | મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત સોરણા-સાલોડ વચ્ચેના 3.5 કિમી લંબાઈના માર્ગનું રીસર્ફેસિંગ તથા સાલોડ નજીક સ્લેબ ડ્રેઇન બનાવવાની કામગીરીનું કપડવંજ-કઠલાલના ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાના વરદ હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. રૂ. 290 લાખના ખર્ચે થનારી આ કામગીરીથી ગ્રામ્ય વિસ્તારના માર્ગો વધુ સુગમ અને સુરક્ષિત બનશે તેમજ સ્થાનિક નાગરિકોની અવરજવરમાં સરળતા રહેશે. આ પ્રસંગે જિલ્લા પંચાયત ચેરમેન પ્રતિનિધિ ધૂળસિંહ સોલંકી, જિલ્લા બક્ષીપંચ મોરચાના પ્રમુખ ગણપતસિંહ રાઠોડ અને પ્રતાપસિંહ પરમાર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

કરમસદની પ્રમુખસ્વામી મેડિકલ કોલેજમાં રાષ્ટ્રીય કક્ષાની 'સિનર્જી' કોન્ફરન્સ યોજાઈ



આણંદ | કરમસદ સ્થિત ભાઈકાકા યુનિવર્સિટી સંલગ્ન પ્રમુખસ્વામી મેડિકલ કોલેજ દ્વારા અંડરગ્રેજ્યુએટ મેડિકલ વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય કક્ષાની બે દિવસીય 'સિનર્જી ૨૦૨૬' કોન્ફરન્સનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. 'ઇનક્વિસિટીવ માઇન્ડસ, બ્રોડર એવેન્યુસ: બિયોન્ડ ટ્રેડિશનલ ફ્રન્ટિયર્સ' વિષય પર યોજાયેલી આ પરિષદમાં દેશભરની મેડિકલ કોલેજોમાંથી વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પરિષદ દરમિયાન તબીબી ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા માર્ગદર્શક વ્યાખ્યાનો યોજાયા હતા તેમજ વિદ્યાર્થીઓએ પોતાના સંશોધન પેપર્સ અને પોસ્ટર પ્રેઝન્ટેશન રજૂ કર્યા હતા.

આણંદની એનએસ પટેલ આર્ટ્સ કોલેજ ખાતે 'માઈક્રો ઈકોનોમિક્સ' પર વિશેષ વ્યાખ્યાન યોજાયું



આણંદ | સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદના અનુસ્નાતક વિભાગ દ્વારા 'માઈક્રો ઈકોનોમિક્સ' વિષય પર વિશેષ અતિથિ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શૈક્ષણિક સત્રમાં મુખ્ય વક્તા તરીકે એચ. એસ. શાહ કોલેજ ઓફ કોમર્સ, મોડાસાના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. ધવલ પી. દવે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ડો. ધવલ દવેએ માંગ-પુરવઠો, ગ્રાહક વર્તણૂક, ઉત્પાદન-ખર્ચ વિશ્લેષણ અને બજારના માળખા જેવા વિષયો પર વ્યવહારિક ઉદાહરણો સાથે સરળ ભાષામાં ગહન વિશ્લેષણાત્મક જ્ઞાન પૂરું પાડ્યું હતું.

ચારુસેટ ખાતે એઆઈયુ વેસ્ટ ઝોન આંતર - યુનિવર્સિટી મહિલા બેડમિન્ટન ટુર્નામેન્ટનો પ્રારંભ



આણંદ | ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીના દિનશા પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે એઆઈયુ વેસ્ટ ઝોન આંતર-યુનિવર્સિટી મહિલા બેડમિન્ટન ટુર્નામેન્ટ ૨૦૨૬-૨૭નો ૨૯ ઓક્ટોબરથી ભવ્ય પ્રારંભ થયો છે. આ સ્પર્ધામાં ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગોવા એમ ૫ રાજ્યોની ૧૧૫થી વધુ યુનિવર્સિટીઓની ૫૦૦થી વધુ મહિલા ખેલાડીઓ ભાગ લઈ રહી છે. પ્રમુખ સુરેન્દ્રભાઈ પટેલ અને પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ વચ્ચે આયોજિત ઉદ્ઘાટન સમારોહમાં સાંસ્કૃતિક નૃત્યોની આકર્ષક પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી.

યુકેમાં વણસોલ ૨૭ પાટીદાર સમાજના નિઃશુલ્ક ગરબા મહોત્સવ યોજાયો



આણંદ | યુકે ખાતે વણસોલ ૨૭ પાટીદાર સમાજ દ્વારા યોજાયેલા નિઃશુલ્ક પ્રી-નવરાત્રી ગરબા મહોત્સવને ભવ્ય સફળતા સાંપડી હતી. આ મહોત્સવ માટે સમાજના વિવિધ દાતાશ્રીઓ અને સહયોગીઓ તરફથી આશરે ૧૦,૦૦૦થી વધુ મૂલ્યનું ઉદાર દાન તથા સેવાકીય સહયોગ પ્રાપ્ત થયો હતો. આ મહોત્સવમાં ગરબા સ્પર્ધાના ઈનામો, સ્વાદિષ્ટ ભોજન, હોલ બુકિંગ, ડીજે-લાઇટિંગ અને ફોટોગ્રાફી જેવી તમામ વ્યવસ્થાઓ માટે દાનવીરોએ વિશેષ યોગદાન આપ્યું હતું. સમાજના અગ્રણીઓએ તમામ દાતાઓનો હૃદયપૂર્વક આભાર માની વિદેશની ધરતી પર ગુજરાતી સંસ્કૃતિ, પરંપરા અને એકતા જાળવી રાખવાનો સંકલ્પ દોહરાવ્યો છે.

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા દાહોદમાં વૈજ્ઞાનિક પશુપાલન શિબિર યોજાઈ



આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ અને કામધેનુ યુનિવર્સિટીના પશુ વિજ્ઞાન કેન્દ્ર, લીમખેડાના સંયુક્ત ઉપક્રમે પશુપાલન શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં દાહોદ જિલ્લાના આઠ ગામોના ૯૪ ખેડૂતોએ ભાગ લીધો હતો, જેમાં પશુઓના વૈજ્ઞાનિક આહાર, વાછરડીની સંભાળ અને કૃત્રિમ બીજદાન અંગે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન અપાયું હતું. તજજ્ઞોએ ખેડૂતોને સંકલિત ખેતી પદ્ધતિ મોડેલ હેઠળ ડેરી, બકરીપાલન અને મરઘાંપાલન એકમોની પ્રત્યક્ષ મુલાકાત કરાવી 'ખેત બચાવો અભિયાન'થી માહિતગાર કર્યા હતા. પશુઓની ઉત્પાદકતા અને ગ્રામીણ આજીવિકામાં સુધારો લાવવાના આશયથી ઉપસ્થિત તમામ ખેડૂતોને મિનરલ મિક્સચરના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મોગરીની જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના ધોરણ-૯ના વિદ્યાર્થીઓએ કોર્ટની શૈક્ષણિક મુલાકાત કરી



આણંદ | મોગરી સ્થિત અનુપમ મિશન સંચાલિત જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટે જિટોડિયા કોર્ટની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ જિટોડિયા જિલ્લા સેશન્સ અદાલતમાં ફોજદારી અને દીવાની કેસોની કાર્યવાહી અંગે વિગતવાર જાણકારી મેળવી હતી. વિદ્યાર્થીઓએ અદાલતની જીવંત કાર્યવાહીનું પ્રત્યક્ષ નિદર્શન કરીને ન્યાયિક પ્રક્રિયાની સમજ કેળવી હતી. આ ઉપરાંત કોર્ટના અધિકૃત માર્ગદર્શક પાસેથી કાયદાકીય માર્ગદર્શન અને વિવિધ ઇમરજન્સી હેલ્પલાઇન વિશે ઉપયોગી માહિતી મેળવી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્સ્પેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com